# સ્ટાર્ટઅપ પહેલાં તેની સામાજિક જવાબદારીઓ જાણવી જોઈએ

જીએનએલયુ ખાતે સ્ટાર્ટઅપ ઈનકોર્પોરેશન અને ટેક્સેશન પર લેક્ચર

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીમાં 'સ્ટાર્ટઅપ ઈનકોર્પોરેશન અને ટેક્સેસન' વિષય પર એડવોકેટ પ્રણવ ઠાકરનું લેક્ચર યોજાયું હતું, લેક્ચરમાં મોટી સંખ્યામાં સ્ટુડન્ટસ અને સ્ટાર્ટઅપ્સ જોડાયા હતા. એડવોકેટ પ્રણવ ઠાકરે લીગલ પ્રક્રિયા વિશે કહ્યું હતું કે, ૨૦૧૩ પછી ગવર્નમેન્ટ રજિસ્ટ્રેશન માટે આવતી દરેક કંપનીના કામ વિશે ડિટેઈલમાં ચકાસણી કરે છે, ત્યારબાદ જ રજિસ્ટ્રેશન માટે ટેક્સમાંથી રાહત મળે છે, તો કેટલાક યુનિક સ્ટાર્ટઅપને ગવર્નમેન્ટ દ્વારા ફંડિગ આપવામાં આવે છે. હવેના દિવસોમાં કંપનીને ડિફોલ્ટર જાહેર કરવી અને પૈસા પડાવી લેવાની ઘટનાઓ સામે ગવરમેન્ટના અસરકારક પગલાથી ડિફોલ્ટરની સંખ્યા ઘટશે. સ્ટાર્ટઅપ કરતા પહેલા તેની સામાજિક જવાબદારીઓ જાણવી જોઈએ. નહી તો બિઝનેસ ચાલશે પરંતુ સામાજિક સ્વીકૃતિ મળવી મુશ્કેલ બની શકે છે.

## સ્ટાર્ટઅપ ઈનકોર્પોરેશનના મુખ્ય ૩ પ્રકાર

સ્ટાર્ટઅપ ઈનકોર્પોરેશનની પ્રક્રિયામાં પ્રાઈવેટ લિમિટેડ કંપની, લિમિટેડ લાયાબિલિટી પાર્ટનરશિપ અને પાર્ટનરશિપ ફર્મ જેવા મુખ્ય ત્રણ પ્રકાર છે, જેમાં પાર્ટનરશિપ ફર્મનું રજિસ્ટ્રેશન સ્ટેમ્પ પેપર પર કરી શકાય છે, જ્યારે લિમિટેડ લાયાબિલિટી પાર્ટનરશિપ અને પ્રાઈવેટ લિમિટેડ કંપનીનું રજિસ્ટ્રેશન મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેશન હેઠળ કરી શકાય છે. રજિસ્ટ્રેશન બાદ મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેશનના કેટલાક નીતિ નિયમો પાળવા ફરજિયાત બને છે.

Scanned by CamScanner